અછત/અર્ધ અછતની રાહતની કામગીરીની સમીક્ષા કરવા
માટે જિલ્લા તથા તાલુકા કક્ષાની અછત રાહત સમિતિની
રચનાની સ્થાયી...

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
ઠરાવ : કઃઅછત/૧૦૨૦૦૨/૪૫૧/સ.૫,
સચિવાલય,ગાંધીનગર
તા.૧૮-૧-૨૦૦૩

<u>વંચાણમાં લીધા :</u> (૧) ગુજરાત રાજ્ય નિયમ સંગ્રહ ૯૩ના ફકરા ક્ર. ૩૨. (ઠ)
(૨) મહેસૂલ વિભાગનો તા.૮-૧૧-૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃઅછત/૧૦૨૦૦૨/૪૫૧/સ.૫.

<u>ઠરાવ :</u>

વંચાણે લીધાના ક્રમાંક : (૨) સામે દર્શાવેલ ઠરાવ આ ઠરાવની રવાનગી તારીખથીરદ કરવામાં આવે છે.

ગુજરાત રાહત નિયમ સંગ્રહ, ૧૯૯૩ અન્વયે અછતની પ્રારંભિક તૈયારીના ભાગરૂપે કલેક્ટર જિલ્લા રાહત સમિતિની રચવા કરવાની હોય છે. આ સમિતિઓમાં સરકાર માન્ય કરે તેવા અન્ય બિનસરકારી સભ્યોનો પણ સમાવેશ કરવાનો થાય છે.

અછત તથા અર્ધ અછતની પરિસ્થિતિના આયોજનના ભાગરૂપે ઉપરોક્ત બાબત સરકારશ્રીનીવિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ જે જિલ્લા / તાલુકામાં અછત જાહેર થાય તે તારીખથી જે તે જિલ્લા તાલુકાની અછત પૂર્ણ ન થાય અગર કલેક્ટરશ્રી નક્કી કરે ત્યાં સુધી અમલી રહે તે રીતે નીચે મુજબની વિગતોએ જિલ્લા/તાલુકા રાહત સમિતિઓનીરચના કરવા સરકાર ઠરાવે છે.

આ સમિતિઓ અછત અંગેની બાબતો વિશે વહીવટીતંત્રને સલાહ આપવાની, રાહત કામો અંગે વેતન ચૂકવવા અંગે, દવાઓ અને ઘાસચારાના વિતરણ તથા મફત રાહતની વહેંચણી ઉપર દેખરેખ રાખવાની તથા માર્ગદર્શન આપવાની કામગીરી કરશે. રાહત સમિતિઓનું બંધારણ નીચે મુજબ રહેશે.

(અ) જિલ્લા રાહત સમિતિ

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જિલ્લાના પ્રભારી સચિવ | ઉપાધ્યક્ષશ્રી |
| (૩) | જિલ્લા કલેક્ટરશ્રી | સભ્યશ્રી |
| (૪) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૫) | જિલ્લાના તમામ સંસદસભ્ય અને રાજ્યસભાના સભ્યો | સભ્યશ્રીઓ |
| (૬) | જિલ્લાના તમામ ધારાસભ્યો | સભ્યશ્રી |
| (૭) | જિલ્લા પંચાયતના પ્રમુખ | સભ્યશ્રી |
| (૮) | જિલ્લા પંચાયતનાવિરોધપક્ષના નેતા | સભ્યશ્રી |
| (૯) | જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ | સભ્યશ્રી |
| (૧૦) | તાલુકા પંચાયતના પ્રમુખ (અછતગ્રસ્ત તાલુકાના) | સભ્યશ્રી |
| (૧૧) | કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પૂરવઠા બોર્ડ<br>અધિક્ષક ઇજનેર, (સં.અને નિ.) ગુ.વિ.બોર્ડ (ડાંગ ગાંધીનગર સિવાય) | સભ્યશ્રી |
| (૧૨) | અધિક્ષક ઇજનેર (ઓ.એન્ડ એમ.) ગુજરાત વિદ્યુત બોર્ડ | સભ્યશ્રી |
| (૧૩) | બિન સરકારી સભ્યો : પાંચ<br>(એક સભ્ય અ.જાતિ/જનજાતિ પૈકી અને એક સભ્ય સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ મૂકવાના રહેશે | સભ્યશ્રી |
| (૧૪) | નાયબ કલેક્ટરશ્રી (અછત) | સભ્ય સચિવશ્રી |

(બ) તાલુકા રાહત સમિતિ

| | | |
|---|---|---|
| (૧) | પ્રાંત અધિકારી અથવા જિલ્લા કલેક્ટર નક્કી કરે તે વર્ગ ૧ની કક્ષાના અધિકારી | અધ્યક્ષશ્રી |
| (૨) | સંબંધિત તાલુકા પંચાયતના પ્રમુખ | સભ્યશ્રી |
| (૩) | સંબંધિત તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા | સભ્યશ્રી |
| (૪) | સંબંધિત તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન | સભ્યશ્રી |
| (૫) | તાલુકાના ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૬) | એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કચેરીના અધ્યક્ષ | સભ્યશ્રી |
| (૭) | અછત રાહત સાથે સંકળાયેલ અધિકારી (કલેક્ટર શ્રી દ્વારા નિયત થાય તે) | |
| (૮) | તાલુક વિકાસ અધિકારી | સભ્યશ્રી |
| (૯) | બિન સરકારી સભ્યો ત્રણ (તે પૈકી એક અ.જાતિ/જનજાતિના હોવા જોઈએ) | સભ્યશ્રી |
| (૧૦) | તાલુકા મામલતદાર | સભ્ય સચિવશ્રી |

૨. ઉપર પ્રમાણે જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાની રાહત સમિતિની રચના કરવાની કાર્યવાહી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ કરવાની રહેશે. બિન સરકારી સભ્યો અને પદાધિકારીઓની મુદતના અનુસંધાને કલેક્ટરશ્રીઓએ જે તે હુકમો કરવાના રહેશે.

૩. જરૂર જણાયે સ્થાનિક પરિસ્થિતિ અન્વયે કલેક્ટરશ્રી સરકારી સભ્યોમાં ફેરફાર / વધારો કરી શકશે.

૪. ... સમિતિઓના સરકારી સભ્ય પૈકી અનેક અનુસુચિત જાતિ કે જનજાતિ વર્ગમાંથી તેમજ જિલ્લા તાલુકામાં સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી પ્રતિનિધિ પસંદ કરવાના રહેશે. રાજ્ય સમિતિઓના બિન સરકારી સભ્યોની નિમણૂંક જિલ્લાના કલેક્ટરશ્રી જિલ્લાના પ્રભારી સચિવ અને જિલ્લાના માન. પ્રભારી મંત્રીશ્રીઓના પરામર્શમાં કરવી.

૫. જિલ્લા તથા તાલુકા રાહત સમિતિઓની ફરજો ગુજરાત રાહત મેન્યુઅલ ફકરા ક્રમાંક(૩૨) (ઠ)ની જોગવાઈ મુજબ રહેશે. બેઠકો બોલાવવી જેનાં નિર્ણયના અધિકાર સમિતિના અધ્યક્ષશ્રીનો રહેશે.

૬. આ સમિતિના બિન સરકારી સભ્યશ્રીઓને સરકારની સ્થાયી સૂચનાઓ મુજબ મુસાફરી /દૈનિક ભથ્થુ ચૂકવવાનું રહેશે.

૭. અન્ય ફેરફાર ન થાય ત્યાં સુધી આ ઠરાવ સ્થાયી સ્વરૂપે અમલી રહેશે.

૮. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૧૭-૧-૨૦૦૩થીમળેલ ના.વિ.ની મંજુરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનારાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપસચિવ

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- બધા જ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- બધા જ માન.રાજ્ય કક્ષાના મત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- બધા જ માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- બધા જ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- બધા જ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- રાહત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- સચિવાલયના બધા વિભાગો
- બધા જ કલેક્ટરશ્રીઓ
- બધા જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, સ્વૈચ્છિક સંસ્થાઓ, અમદાવાદ
- નાણાંકીય સલાહકારશ્રી, મહેસૂલ વિભાગ
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સેક્શન અધિકારી, સ.૧, સ.૨, સ.૩, સ.૪ શાખાઓ, રાહત નિયામકની કચેરી
- શાખા સંગ્રહ